બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૨

(સમય : બપોરે ૨ થી ૪.૧૫) (રવિવાર, ૧૫ જુલાઈ, ૨૦૧૨)

**નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.**
**(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**
**(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.**

**☞ અગત્યની સૂચના ☜**

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.**

**(વિભાગ - ૧ કિશોર સત્સંગ પરિચય, દસમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૯)**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''હવે તો એનાં માથાં ઉડાડીને પછી જ દાણો મોંમા મૂકશું.'' (૨૨/૭૦)

➯ મેરામણ અને મામૈયો (બંને ભાઈઓ) - આઈને (રાણદેબાઈને)

➯ મામાના સાધુને દરબારના કુંવર ને તેના સાગરિતોએ મારી કાઢી મૂક્યા. તે વાત આઈ પાસેથી સાંભળી ત્યારે કહે છે.

૨. ''समलोष्ठाश्मकाञ्चनः એમ બધું એમને સરખું થઈ ગયું છે.'' (૨૯/૯૨)

➯ શ્રીજીમહારાજ - મુક્તાનંદ સ્વામીને

➯ મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું ગોરધનભાઈનો વેપાર બહુ બગડી ગયો છે ને 'બધું હસ્તે સ્વામિનારાયણ' કરીને આપે છે. તેમાં આપણી આબરું જશે.' ત્યારે.

૩. ''પૃથ્વી ઉપર બહુ પછડાટ ખાધા, પણ મને તો સહેજ પણ વાગ્યું નહિ.'' (૮/૧૭)

➯ નાજા જોગિયા - મહારાજને

➯ ઝીંઝાવદરમાં મહારાજે નાજા જોગિયા સાથે કુસ્તી કરતાં ચાર વખત નાજા જોગિયાને મોભારા (છત) સુધી ઉછાળીને હેઠા પાડ્યા. પણ તેમને કાંઈ વાગ્યું નહિ. તેથી તે પૂછે છે.

**પ્ર. ૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. રાજાએ અરદેશરને બોલાવી સૂબાગીરી માનપૂર્વક પાછી સોંપી. (૪/૧૦)

જ. બીજાના રાગદ્વેષનો ભોગ બની જતાં અરદેશર કોટવાલની પદવી રાજાએ છીનવી લીધી હતી. નિરાશ થયેલા અરદેશરને ભાઈચંદભાઈના શબ્દો યાદ આવી જતાં મહારાજને પ્રાર્થના કરી 'હે ભગવાન સ્વામિનારાયણ ! મારી રક્ષા કરો ને લાજ રાખો.' મહારાજે સ્વપ્નમાં દર્શન દઈ કપાળમાં ચાંદલો કરી કહ્યું : 'સવારમાં રાજા તમને સૂબાગીરી પાછી આપશે. આમ મહારાજના વચને અરદેશરને સૂબાગીરી પાછી મળી.

૨. કડવીબાઈએ પોતાનાં બલોયાં ભાંગી નાખ્યા. (૯/૧૯)

જ. કડવીબાઈને ભજનનો વેગ લાગ્યો હતો એટલે સાસરામાં પણ કામકાજ કરતાં પણ કીર્તન બોલ્યા કરતાં હોવાથી તેમના ધણીએ ગુસ્સામાં કહ્યું 'આજથી તું મારે મા-બેન છે.' કડવીબાઈને તો આ જોઈતું હતું. તેને સામે કહ્યું 'તું પણ આજથી મારે ભાઈ-બાપ જેવો છું.' તેથી કડવીબાઈએ બલોયાં ભાંગી નાંખ્યાં.

૩. ભગવાનના ભક્તે કોઈ દિવસ કુસંગ ન કરવો. (૧૪/૪૧)

જ. કુસંગ વિષે ચૈતન્ય મહાપ્રભુએ કહ્યું છે કે ગાયના સીંગની ટોચ પર સરસવનો દાણો જેટલો સમય સ્થિર રહે તેટલો જ સમય જો કોઈ કુસંગ કરે તો તેના જન્મોજન્મનાં એકઠાં થયેલાં પુણ્યનો નાશ થઈ જાય છે. ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે કે પાપીનો વાયરો આવે તો સાઠ હજાર વરસનું પુણ્ય બળીને ભસ્મ થઈ જાય છે. અમૃત જેવું દૂધ હોય અને તેમાં સર્પની લાળ પડે તો તે ઝેર થઈ જાય છે તેમ મહારાજ કહે છે. (કુસંગ મળે ને કુસંગીના વચનને વિષે શ્રદ્ધાવાન થાય તો વૈરાગ્ય, વિવેક સ્વધર્મ આદિ જે સર્વે ગુણ નાશ પામી જાય છે અને કામ ક્રોધ લોભ, મોહ વગેરે વિકાર આવે છે. માટે ભગવાનના ભક્ત હોય તેમણે કોઈ દિવસ કુસંગ ન કરવો જોઈએ.)

**પ્ર.૩** 'હિમરાજ શાહ' (૧૬/૪૪-૪૬) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

હિમરાજ શાહ સુંદરિયાણા ગામનાં મોઢ વણિક જ્ઞાતિના આગેવાન હતા. તેઓ વૈષ્ણવ સંપ્રદાયના ગોંસાઈજીના અનન્ય સેવક હતા. તેમને ત્રણ પુત્રો હતા. જેમાં સૌથી મોટા વનાશા સ્વામિનારાયણનાં સત્સંગી થયાં હતાં. તેથી જ્યારે તેઓ હિમરાજ શાહને

સ્વામિનારાયણના મહિમાની વાતો કરે ત્યારે તેઓ કહેતા કે ‘સ્વામી તો એક વલ્લભ સ્વામી બીજા બધા તો દેવ તુલ્ય.’ તેઓ અનન્ય ભક્તની સાથે નિષ્ણાત વૈદ્ય પણ હતા. એક વખત ગોપાળાનંદ સ્વામી સુંદરિયાણા પધાર્યા. તે વખતે વનાશાએ તેમના પિતાશ્રીને ગોપાળાનંદ સ્વામીની તબિયત નરમ છે તેમ કહીને તેમને નાડી જોવા બોલાવ્યા. હિમરાજભાઈએ નાડી જોવા કાંડું પકડ્યું, પણ નાડી હાથમાં આવી નહિ. હાથ, પગ, કંઠ, સાથળ જ્યાં નાડી પકડવા જાય ત્યાં નાડી હાથમાં આવે નહીં. ત્યારે તેમણે મનોમન વિચાર કર્યો કે આ કોઈ સામાન્ય મનુષ્ય નથી. તેણે અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યો હોય તેમ લાગે છે. તેથી વલ્લભ સ્વામી જેવા તો આ ગોપાળાનંદ સ્વામી છે. ત્યારે તેમના ગુરુ સ્વામિનારાયણ તો ભગવાન હોવા જ જોઈએ અને તેઓ ગોપાળાનંદ સ્વામી પાસે વર્તમાન ધરાવી સત્સંગી થયા. સ્વામિનારાયણનાં સત્સંગી થવાથી તેમના સગાસંબંધી, ગોંસાઈજી, નાત, ગામ તરફથી ખૂબ જ સહન કરવું પડ્યું. અને તેમને નાત બહાર કાઢ્યા. છતાં તેમણે ટેક છોડી નહીં. અને પોતાના દિકરાઓને પણ શીખ આપી કે શ્રીજીમહારાજ રીઝે એમ જ કરવું. અને બીજાથી ડર્યા વગર સત્સંગની ટેક રાખવી. એટલું કહી મહારાજનું સ્મરણ કરતાં અક્ષરધામમાં બિરાજી ગયા.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે કયા છ પ્રકારના મનુષ્યોનો સંગ કરવાની ના પાડી છે ? (૧/૪)

જ. શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી, તથા કીમિયા આદિ ક્રિયાએ કરીને ઠગનારો એ છ પ્રકારના મનુષ્યોનો સંગ કરવાની ના પાડી છે.

૨. અંતરીક્ષમાંનો અવાજ સાંભળી શિવરામે શું કહ્યું ? (૯/૧૮)

જ. અંતરીક્ષમાંનો અવાજ સાંભળી શિવરામે કહ્યું કે ‘‘બહેન ! આ તો મહારાજના શબ્દો છે.’’

૩. ચૈતન્ય મહાપ્રભુએ કુસંગ વિષે શું કહ્યું છે ? (૧૪/૪૧)

જ. ગાયના સીંગની ટોચ ઉપર સરસવનો દાણો જેટલો સમય સ્થિર રહે તેટલો જ સમય જો કોઈ કુસંગ કરે તો તેના જન્મો જન્મનાં એકઠાં થયેલા પુણ્યનો નાશ થાય છે.

૪. કયા ત્રણ ગ્રંથોમાં શ્રીજીમહારાજે ગૃહસ્થ તથા ત્યાગી ભક્તોના નિયમો લખ્યા છે ? (૨૧/૬૬)

જ. શિક્ષાપત્રી, ધર્મામૃત અને નિષ્કામ શુદ્ધિમાં શ્રીજીમહારાજે ગૃહસ્થ તથા ત્યાગી ભક્તોના નિયમો લખ્યા છે.

૫. શ્રીજીમહારાજની કૃપાદૃષ્ટિથી વિષ્ણુદાસ કેવી સ્થિતિને પામ્યા હતા ? (૧૫/૪૩)

જ. શ્રીજીમહારાજની કૃપાદૃષ્ટિથી વિષ્ણુદાસ નિરાવરણ સ્થિતિને પામ્યા હતા.

**પ્ર.૫** ‘કલ્યાણનો ખપ...’ (૨૫/૭૫-૭૭) **- સ્વામીની વાત પૂરી કરીને નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી લખી હોય તો - ૧ ગુણ, નિરુપણના - ૪ ગુણ.**

**‘‘કલ્યાણનો ખપ કેવો રાખવો જોઈએ ? જે અગણોતેરા કાળમાં ભીમનાથના રાંકા માંગવા આવતાં ને કરગરતા ને તેને ધક્કા મારે તો પણ જાય નહિ એવો ખપ રાખવો જોઈએ.’’**

આ વાતમાં ગુણાતીતાનંદ સ્વામી આપણને સમજાવે છે કે કલ્યાણનો ખપ કેવો રાખવો જોઈએ તો ભીમનાથના રાંકા જેવો. જ્યારે અગણોતેરા કાળમાં દુકાળ પડ્યો ત્યારે એક કડછી થૂલા માટે લાંબી કતાર થતી. તેમાં જો કોઈનો હડસેલો વાગે તો નદીની રેતીમાં પડતા. પણ પાછા ઊભા થઈને ત્યાં આવતાં. કારણકે કડછો થૂલું ત્યાં જ મળવાનું હતું. કલ્યાણનો એવો જ ખપ રાખવો જોઈએ. આ વાત શ્રીજીમહારાજ કરતાં કે એક ગુરૂ હતા. તે વનમાં તપ કરતાં હતા. તેમની પાસે એક મુમુક્ષુ સેવા માટે આવ્યા. ત્યારે ગુરૂ કહે, ‘અહીં, મારે માટે રોજના એક શેર ચોખા આવે છે, તે રાંધીને ખાઉં છું. બીજું કાંઈ નથી.’ પણ મુમુક્ષુ ખપવાળો હતો તેણે કહ્યું, ‘ભાતનું ઓસામણ હશે તે પીને સમાગમ કરીશ.’ ત્યાર બાદ બીજો મુમુક્ષુ આવ્યો તેણે પણ સેવાની માંગણી કરી. ત્યારે ગુરૂએ પરિસ્થિતિ જણાવી ત્યારે તે ચેલાએ કહ્યું કે તે ભાતનું ઓસામણ પીવે છે તો હું ભાતની હાંડલીમાં જે વધ્યું હશે તેનું ધોવાણ પીને સમાગમ કરીશ. થોડા દિવસ પછી ત્રીજો સેવક આવ્યો ગુરૂએ તેની આગળ ઉપરની હકીકત કહી ત્યારે તેણે કહ્યું, ‘આપની થાળીમાં ચળું કર્યા પછી જે ધોવાણ રહેશે તે પીને હું સમાગમ કરીશ.’ થોડા દિવસ પછી ચોથો શિષ્ય સમાગમ કરવા આવ્યો. ત્યારે તે મુમુક્ષુએ કહ્યું, ‘ચોખા સાફ કરતી વખતે ઝાટકશો ને જે ટુકડા-દાણા બહાર પડશે તે વીણીને ખાઈશ ને તે દ્વારા દેહનો નિર્વાહ કરીશ.’ આ શિષ્યોને ગુરૂનો સાચો મહિમા જણાયો હતો. ને મોક્ષનો ખપ હતો. તો ઓસામણ અને પાણી ઉપર રહીને પણ સમાગમ કરવાં તેઓ તૈયાર થયાં. જેને મોક્ષનો આવો ખપ હોય તે દિવસ દિવસ પ્રત્યે સત્સંગમાં વધતો જાય છે.

**પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. ષડક્ષરો છે ષટ્શાસ્ત્ર સાર, તે ઉતારે ભવસિન્ધુ પાર, છયે ઋતુમાં દિવસે નિશાયે, સર્વ ક્રિયામાં સમરો સદાય.
પવિત્ર દેહે અપવિત્ર દેહે, આ નામ નિત્ય સ્મરવું સનેહે, જળે કરીને તનમેલ જાય, આ નામથી અંતર શુદ્ધ થાય. (૬/૧૪)

૨. શારદ શેષ મહેશ મહામુનિ, જપત જેહી ગુણનામ; જાસ પદરજ શીશ ધરી ધરી, હોત જન નિષ્કામ.
પ્રેમકે પર્યંક પર પ્રભુ કરત સુખ આરામ; મુક્તાનંદ નિજ ચરણઢિગ ગુન, ગાવત આઠું જામ. (૨૦/૬૬)

૩. भववारिधि मोक्ष साधनं गुरुराज प्रकटस्वसंगमम् । प्रकटीकृतवान् कृपावश सहजानन्दगुरुं भजे सदा ॥ (૧૧/૩૧)

૪. **ગુજરાતી ભાષાંતર :** જે પુરુષને વાત, પિત્ત અને કફના દેહમાં આત્મબુદ્ધિ છે અને સ્ત્રી-પુત્રાદિકમાં મમત્વપણાની બુદ્ધિ છે અને ભૂમિના વિકારભૂત પ્રતિમા વગેરેમાં પૂજ્યબુદ્ધિ છે તથા જળમાં તીર્થબુદ્ધિ છે તે પુરુષને આ પ્રકારની આત્મબુદ્ધિ ભગવાનના પરમ એકાંતિક સંતમાં નથી તો તેને બળદિયો અથવા તો પશુઓમાં કનિષ્ઠ એવો ગધેડો જાણવો. (૨૮/૮૮)

**(વિભાગ - ૨ : પ્રાગજી ભક્ત, અગિયારમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૧૧)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. "બહુ પારસાવ્યા ?" (૮/૧૭)
➭ મનજી ઠક્કર તથા નથુ પટેલ - સ્વામીને (ગુણાતીતાનંદ સ્વામી)
➭ સાધુના કસબની વાત સ્વામીશ્રીએ સભામાં કરી ત્યારે સભા સ્વામીની અમૃતવાણીના પ્રવાહમાં લીન થઈ ગઈ હતી ત્યારે.

૨. "આ તો પાતાળે પાયા નાંખ્યા છે." (૧૧/૨૩)
➭ સ્વામી (ગુણાતીતાનંદ સ્વામી) - દરબારોને
➭ પ્રાગજી ભક્તને આપેલું જ્ઞાન દરબારોએ પાછું ખેંચી લેવાનું કહ્યું ત્યારે.

૩. "મને તો અંતરનું પણ કેડિયું સીવતાં આવડે છે." (૧૭/૩૨)
➭ ભગતજી - કોઠારી બેચર ભગતને
➭ ભગતજીએ માપ લીધા સિવાય બરાબર બંધબેસતું કેડિયું બેચર ભગતને સીવીને આપ્યું. આથી બેચર ભગત રાજી થાય છે. ત્યારે કહે છે.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. પ્રાગજી ભક્તના આખા શરીરે અસહ્ય ગરમી નીકળી. (૧૫/૨૯)

જ. જૂનાગઢથી મહુવા જતા પ્રાગજી ભગતને મંદિરના ભંડારીએ ભાતામાં લાડુ બાંધી આપ્યા હતા. અડધે રસ્તે ભાતું છોડી લાડુ ખાવાની શરૂઆત કરી તો લાડુમાં ઝેર હોવાથી આખા શરીરે બળતરા ઊપડી અને અસહ્ય ગરમી નીકળી.

૨. વિઠ્ઠલભાઈએ હનુમાનજીને તેલ ચઢાવવા છતાં તેમની પુત્રવધૂનો રોગ મટ્યો નહિ. (૨૯/૫૯)

જ. વિઠ્ઠલભાઈએ ભગતજીની આજ્ઞા વગર મનધાર્યું કરીને શ્રીજીમહારાજના પ્રસાદીના હનુમાનજીને તેલ ચઢાવ્યું. માટે વિઠ્ઠલભાઈએ હનુમાનજીને તેલ ચઢાવવા છતાં તેમની પુત્રવધૂનો રોગ મટ્યો નહિ.

૩. ગુણાતીતાનંદ સ્વામીએ પ્રાગજી ભક્તને મરણિયા થવા કહ્યું. (૫/૯)

જ. ગુણાતીતાનંદ સ્વામીએ પ્રાગજી ભક્તને વરદાન માગવાનું કહ્યું ત્યારે પ્રાગજી ભક્તે કહ્યું : 'તમારું જ્ઞાન આપો, તમારું ઘર દેખાડો અને મારા જીવને સત્સંગી બનાવો.' ત્યારે સ્વામી કહે છે, 'એ ત્રણ વરદાન તો તું ઘર મૂકીને અહીં રહે ને મરણિયો થા તો તને મળે.'

**પ્ર.૯** 'વનવાસમાંથી મુક્તિ' (૨૨/૪૧-૪૨) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

વરતાલ આવેલા સંતોને આચાર્ય મહારાજે ભગવાં વસ્ત્રો પહેરવાની આજ્ઞા કરી. વિજ્ઞાનદાસજી વગેરે સંતોને ખાનદેશ મોકલ્યા. યજ્ઞપુરુષદાસજી તથા બીજા સંતો ગુજરાતમાં ફરવા નીકળ્યા. ખાનદેશમાં વિજ્ઞાનદાસજી દ્વારા ઘણો સમાસ થયો. હરિભક્તોને સમાધિમાં શ્રીજીમહારાજ અને ભગતજીનાં દર્શન થતાં. એક બાઈ હરિભક્તને ભગતજીનાં દર્શનથી ભૂત નીકળી ગયું અને તેનામાં ભગતજીનો પ્રવેશ થયો. ભગતજીની માફક સર્વે ચેષ્ટા કરે ને સૌને સુખ આપે. ખાનદેશી હરિભક્તો ભગતજીનો સમાગમ કરવા મહુવા જવા લાગ્યા. આચાર્ય મહારાજ તે સમયે મહુવા હતા. તેઓ ભગતજીની વાતો સાંભળતા હતા, રોજ પ્રસાદી મોકલતા. સભામાં પણ ભગતજી પાસે વાતો કરાવે, સૌને ભગતજીનો મહિમા સમજાવતાં. સંવત ૧૯૪૯માં ગઢપુર લક્ષ્મીવાડીમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવમાં રંગાચાર્ય ભગતજીનાં દર્શનથી પ્રભાવિત થયા. ત્યારબાદ ગુજરાતના હરિભક્તોના આગ્રહથી ભગતજી નડિયાદ પધાર્યા. અહીં ઝવેરીલાલભાઈને ત્યાં ઉતારો હતો. ગામેગામથી હરિભક્તો ભગતજીના સમાગમ માટે આવવા લાગ્યા. ભગતજી સૌને મહારાજના સર્વોપરી સ્વરૂપની, સ્વામીના અક્ષરસ્વરૂપની, સત્પુરુષમાં જોડાવાની, બ્રહ્મચર્ય પાળવાની વાતો કરતા. ભગતજીના સંબંધથી શ્રીજીમહારાજમાં જોડાયેલા કેટલાક હરિભક્તોને શ્રીજીમહારાજ દર્શન પણ આપતાં.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ભગતજી મહારાજ ક્યારે અંતર્ધાન થયા ? (સંવત, તિથિ) (૨૮/૫૬)

જ. ભગતજી મહારાજ સંવત ૧૯૫૪ના કાર્તિક સુદ ૧૩ના દિવસે અંતર્ધાન થયા.

૨. ભગતજી મહારાજ કયા બે ટાંકા તોડતા અને કયા બે જોડતા ? (૨૪/૪૬)

જ. ભગતજી મહારાજ દ્રવ્ય અને સ્ત્રી જીવમાંથી કાઢે છે અને ભગવાન ને સાધુ જીવમાં ઘાલે છે.

૩. ભગતજી મહારાજના મતે ખરું જ્ઞાન થયું ક્યારે કહેવાય ? (૨૬/૪૯-૫૦)

જ. જેમ તલવાર અને મ્યાન નોખાં ખખડે, તેમ દેહ ને આત્મા નોખાં જણાય ત્યારે ખરું જ્ઞાન થયું કહેવાય.

૪. ભગતજી મહારાજ અમદાવાદ પધાર્યા ત્યારે મંદિરના આચાર્ય પદે કોણ હતું ? (૨૪/૪૪)

જ. ભગતજી મહારાજ અમદાવાદ પધાર્યા ત્યારે મંદિરના આચાર્ય પદે શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ હતા.

૫. મોતીલાલભાઈને સ્વપ્નમાં દર્શન દઈને શ્રીજીમહારાજે શું કહ્યું ? (૨૦/૩૭)

જ. મોતીલાલભાઈને સ્વપ્નમાં દર્શન દઈને શ્રીજીમહારાજે કહ્યું : 'હું પ્રાગજી ભગત દ્વારા સત્સંગમાં પ્રગટ જ છું.'

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૪ (૨૭/૫૧-૫૩) **૨.** ૨, ૪ (૨૩/૪૩) **૩.** ૧, ૨ (૨૫/૪૭-૪૮)

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧. ભગતજીના સંતોને ઉપાધિ :** વિજ્ઞાનદાસજી, યજ્ઞપુરુષદાસજી વગેરે સંતો ગુજરાતમાં ફરતાં ફરતાં મહુવા પધાર્યા. પહેલાં તો ભગતજીએ એમની ઉપેક્ષા કરી, ઠપકો આપ્યો પછી ગોપનાથના મંદિરમાં સંતોને રહેવાની સગવડ કરી આપી. (૨૦/૩૭)

**૨. પ્રાગજી ભક્ત દ્વારા પ્રગટપણું :** થોડું મંદિરનું કામ જાગા ભગત તથા બીજા પોતાના હેતવાળા ભક્તો પાસે કરાવ્યું અને પોતે દેશમાં ફરવા નીકળ્યા. નાગરવાડા તરફના દરવાજે આવી સ્વામી થોડું બેઠા. (૧૬/૩૦-૩૧)

**૩. જૂનાગઢમાં અપૂર્વ સન્માન :** જો સંપૂર્ણ વૈરાગ્ય આવે તો સ્નેહગ્રંથિ તૂટે, ભગવાનના સ્વરૂપનો નિશ્ચય થાય તો સંશયગ્રંથિ તૂટે, જ્ઞાન થાય તો અહંગ્રંથિ તૂટે, આત્મનિષ્ઠા થાય ત્યારે મમત્વગ્રંથિ તૂટે અને સંપૂર્ણ ધર્મ આવે ત્યારે મૈથુનગ્રંથિ કે હૃદયગ્રંથિ તૂટે છે. (૨૭/૫૩)

**૪. અક્ષરજ્ઞાનનો ઉદ્‌ઘોષ :** પોતાનું મૂળ દિવ્ય સ્વરૂપ બતાવ્યું. આખો ઓરડો તેજથી ભરાઈ ગયો. પછી તે તેજ સ્વામીની મૂર્તિમાં સમાઈ ગયું. આ જોઈ કોઠારીને સ્વામીના સ્વરૂપની પ્રતીતિ થઈ. (૧૨/૨૫)

**૫. અડસઠ તીરથ સદ્‌ગુરુ ચરણમાં :** આ અરસામાં હવેલીનું ચણતરકામ ચાલુ હતું. ચણતર માટેના પથરા મંદિર બહાર પડ્યા હતા. તેના ઉપર એક કૂતરું મરી ગયું હતું. બધાને એમ કે ભંગી આવશે ને ઉપાડશે. (૭/૧૩)

**૬. એકાંતનું સુખ :** અહીં ભગતજીનાં દર્શન ન થયાં તેથી સંતોએ ત્રણ દિવસના ઉપવાસ કર્યા. ચોથે દિવસે ભગતજી પધાર્યા. સૌને શાંતિ થઈ. ભગતજીએ સૌને જમાડ્યા. (૨૧/૪૦)

❑ ❑ ❑